દાખલ તારીખ : ૨૯/૧૨/૨૦૦૮

રજુ કર્યા તારીખ : ૨૯/૧૨/૨૦૦૮

ફેંસલ કર્યા તારીખ : ૦૨/૧૨/૨૦૨૪

સમય : વર્ષ, માસ, દિવસ.

મહે. ૧૬મા, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ મધ્યે,

અમદાવાદ.

ફોજદારી કેસ નં. – ૩૦૩૧૩૨ / ૨૦૦૮

આંક –

<u>ફરિયાદી</u> :-

શ્રી સરકાર

વિરૂધ્ધ

<u>તહોમતદારો :-</u>

(૧) પાનસિંગ ફુલનસિંગ રાઠોર, ઉ. વ. – ૨૫,

(૨) ફુલનસિંગ બાંકેલાલ રાઠોર, ઉ. વ. – ૫૬,

(૩) ઇસુરદેવી વા/ઓ ફુલનસિંગ રાઠોર, ઉ. વ. – ૫૫, (મરણ ગયેલ છે)
તમામ રહે. મ. નં. – ૧૨/૨૫૪૮, ચુંવાળનગર, વિ. – ૩,
લીમડા બસ સ્ટેન્ડ પાસે, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ.

ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૯૮(ક) તથા ૧૧૪ મુજબ.

---

**શ્રી સરકાર તરફે : વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઇ.**

**તહોમતદારો તરફે : વિ. વકીલ શ્રી વાય. જી. પોરવાલ.**

---

**-:: ચુકાદો ::-**

(૧) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી રહેલ છે કે, આ કામના તહોમતદારોએ ફરિયાદીના લગ્નના એક વર્ષ બાદથી તા.૨૬/૧૧/૦૮ ના બે વર્ષ અગાઉ ભેગા મળી આ કામના ફરિયાદીને નાની - નાની બાબતોમાં ભુલો કાઢી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી, ગુનો કરવા બાબતે ફરિયાદીએ તહોમતદારો વિરૂધ્ધ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં તા. ૨૬/૧૧/૨૦૦૮ ના રોજ ઇ. પી. કો. કલમ - ૪૯૮(ક) તથા ૧૧૪ મુજબની ફરિયાદ કરતાં પોલીસે ફર્સ્ટ ગુના રજી. નં. - ૨૦૮/૨૦૦૮ થી ગુનો રજીસ્ટર કરેલ અને તહોમતદારોને અટક કરેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાંતા તહોમતદારો વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૨૯/૧૨/૨૦૦૮ ના રોજ દાખલ કરેલ હતું.

(૨) આ કામના તહોમતદાર નં. - ૦૧ તથા ૦૨ નાઓને સમન્સની બજવણી થતાં તેઓ તેમના વિ. વ. શ્રી મારફતે હાજર થતાં, મારા પૂરોગામીશ્રીએ તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ - ૨૦૭ ની જોગવાઇઓને આધિન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી થાય બાદ આક્ષેપિત ગુનાનું તહોમતનામું તા. ૧૪/૦૩/૧૬ ના રોજ આંક - ૦૩ થી ફરમાવી, વાંચી, સમજાવી તહોમતદારોનું નિવેદન આંક - ૦૪ તથા ૦૫ થી રેકર્ડ કરતાં તેઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવો નોંધવા પર મુલત્વી રાખેલ.

વધુમાં, આ કામના તહોમતદાર નં. – ૦૩ ઇસુરદેવી વા/ઓ કુલનસિંગ રાઠોરનું આંક – ૦૨ થી રજુ મરણ સર્ટીફીકેટની કોપી ધ્યાને લેતાં તેઓ મરણ ગયેલા હોય મારા પૂરોગામીશ્રીએ આંક – ૦૧ લગત તેણીની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે.

**<u>–: ફરિયાદપક્ષે મૌખિક પુરાવાઓ :–</u>**

૧. આંક – ૧૭ થી ફરિયાદી નગીના રામનિવાસનો સોગંદ પરનો પુરાવો.

૨. આંક – ૧૯ થી સાહેદ ક્રિષ્નાબેન રામલાલનો સોગંદ પરનો પુરાવો.

૩. આંક – ૨૦ થી સાહેદ રામનિવાસ મુળચંદરાયનો સોગંદ પરનો પુરાવો.

**<u>–: ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

૧. આંક – ૧૮ થી ફરિયાદ.

ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષે લેખિત પુરાવા બંધની પુરશીશ આંક – ૨૧ થી રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં હાલના કામે સી. આર. પી. સી. કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવા પાત્ર કોઇ પુરાવો ન હોય તહોમતદારનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામ બંને પક્ષોની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

(૫) આ કામે ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા પુરાવાની હકીકતોને ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દા :–</u>**

(૧) આ કામના તહોમતદારોએ ફરિયાદીના લગ્નના એક વર્ષ બાથી તા.૨૬/૧૧/૦૮ ના બે વર્ષ અગાઉ ભેગા મળી આ કામના ફરિયાદીને નાની નાની બાબતોમાં ભુલો કાઢી

શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી, ઇ. પી. કો. કલમ – ૪૯૮(ક) તથા ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે.

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્ધાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**(૭) <u>-: મુદ્ધા નં. ૦૧ ના કારણોની ચર્ચા :-</u>**

**(૭.૧)** આ કામે ફરિયાદપક્ષે આંક – ૧૭ થી ફરિયાદી નગીના રામનિવાસ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સને – ૨૦૦૨ ની સાલમાં તેણીના લગ્ન રામનરેશ સાથે થયેલા અને તેણી સાસરે ગયા બાદ તેણીના પતિ, સાસુ, સસરા સાથે સામાન્ય બાબતોમાં બોલચાલી થતી હતી, જે બાબતે તેણીએ આવેશમાં આવીને ફરિયાદ આપેલી, જે ફરિયાદની નકલમાં તેણી, તેણીની સહી ઓળખી બતાવે છે, જે ફરિયાદની નકલ આ કામે આંક–૧૮ થી પુરાવામાં રજુ રાખેલ છે. વધુમાં, તેણીએ જણાવેલ છે કે, આ કામે તેણીને સમાધાન થઇ ગયેલ છે અને તેણીના ડાયવોર્સ થઇ ગયેલા છે અને છેલ્લા ઘણાં વર્ષથી તેણી, તેણીના પિતાના ઘરે રહે છે અને તેણીને આ કામે હવે કોઇ તકરાર રહેતી નથી. આ ફરિયાદ સાહેદ ફરિયાદ હકીકતને સમર્થન કરતાં નથી. તહોમતદાર તરફે વિ. વ. શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આ કામે સમાધાન થઇ ગયેલ છે.

**(૭.૨)** ફરિયાદપક્ષે આંક – ૧૯ થી સાહેદ ક્રિષ્નાબેન રામલાલ તથા આંક – ૨૦ થી સાહેદ રામનિવાસ મુળચંદરાય કે જેઓ ફરિયાદીના માતા પિતા થાય છે, તેઓએ પણ

તેમની સરતપાસમાં ફરિયાદીએ જણાવ્યા મુજબની જ હકીકતો જણાવેલી છે અને તેઓએ પણ ફરિયાદીની ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી. જયારે તહોમતદાર તરફે વિ. વ. શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ પણ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આ કામે સમાધાન થઇ ગયેલ છે.

(૮) સદર કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં, સદર કામે મુળ ફરિયાદી સાહેદ તથા અન્ય સાહેદ કે જે ફરિયાદીના માતા થાય છે તેઓએ તેમની ઉલટતપાસમાં તહોમતદારો સાથે ઘરમેળે સમજુતીથી સમાધાન થઇ ગયેલ હોવાની વાતનો સ્વીકાર કરેલ છે અને મુળ ફરિયાદીએ આંક – ૨૧ ની પુરશીશથી હવે વધુ કોઇ પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવતાં અન્ય કોઇ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. વધુમાં, આ કામના ફરિયાદી અને તહોમતદારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય અને ફરિયાદીના તેણીના પતિ સાથે છુટાછેડા થઇ ગયેલ છે અને તેણી તેણીના માતા પિતાને ત્યાં રહે છે અને હવે તેણીને કોઇ તકરાર નથી. જેથી, ફરિયાદી તહોમતદારો વિરૂદ્ધ પુરાવો રજુ રાખતાં નહીં હોવાની હકીકતો જણાઇ આવે છે. આમ, ફરિયાદપક્ષ તેમનો કેસ તેમણે રજુ કરેલા પુરાવાઓથી નિ:શંકપણે સાબિત કરી શકેલા નથી.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઇ મુદ્દા નંબર – ૦૧ નો જવાબ '' **નકાર** '' માં આપી મુદ્દા નંબર – ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧) આ કામે મેઘાણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ. રજી. નં. – ૨૮૨/૨૦૦૮ ના કામના તહોમતદાર નં. – ૧) પાનસિંગ કુલનસિંગ રાઠોર, ઉ. વ. – ૨૫, તથા તહોમતદાર નં. – ૨) કુલનસિંગ બાંકેલાલ રાઠોર, ઉ. વ. – ૫૬, તમામ રહે. – મ. નં. – ૧૨/૨૫૪૮, ચુંવાળનગર, વિ. – ૩, લીમડા બસ સ્ટેન્ડ પાસે, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસિઝર

કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૯૮(ક) તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે તહોમતદાર નં. – ૦૩ ઇસુરદેવી વા/ઓ કુલનસિંગ રાઠોર મરણ ગયેલા હોય અને તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ હોય, તેમના પુરતો કોઇ હુકમ કરવામાં આવતો નથી.

૨) આ કામે તહોમતદારોના જામીન તથા જાત મુચરકા રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે દરેક તહોમતદારે ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસ સુધીના સમય ગાળા માટેના ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.

હુકમ આજરોજ તા. – ૦૨ જી, માહે – ડીસેમ્બર, સને – ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**તા. ૦૨/૧૨/૨૦૨૪**
**સ્થળ: અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૧૬મા, એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**કોડ નં. – જીજે – ૦૧૦૩૭**

#VBVALA#